Extra No. 218

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette
EXTRAORDINARY
[PUBLISHED BY AUTHORITY]

Vol. LXVI] **WEDNESDAY, JUNE 18, 2025 / JYAISTHA 28, 1947**

Separate paging is given to each part of the supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation

PART -I
SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

જિલ્લા મેજીસ્ટ્રેટ દ્વારા

જાહેરનામું

ગુજરાત પોલીસ અધિનિયમની કલમ - ૩૬ (ગ) અને (ઘ) મુજબ

પત્ર ક્રમાંક.એમએજી (૧)/વશી/૬૨૦૨ થી ૬૨૬૫/૨૦૨૫.-ગુજરાત રાજય ચૂંટણી આયોગ દ્વારા ગ્રામ પંચાયતોની સામાન્ય/વિભાજન/ મધ્યસત્ર/પેટા ચૂંટણી -૨૦૨૫નો કાર્યક્રમ તા.૨૮/૦૫/૨૦૨૫ થી જાહેર થયેલ છે. તે મુજબ પાટણ જિલ્લામાં મતદાન તા.૨૨/૦૬/૨૦૨૫ (રવિવાર) ના રોજ યોજાનાર છે અને મતગણતરી તા.૨૫/૦૬/૨૦૨૫ના રોજ થનાર છે. રાજ્ય ચૂંટણી આયોગ દ્વારા તા. ૧૭/૧૧/૨૦૨૧થી આદર્શ આચાસંહિતા બહાર પાડેલ છે અને તેના અમલ માટે જરૂરી જાહેરનામા બહાર પાડવા સૂચનાઓ આપવામાં આવેલ છે.

જેથી મતદાન મથકો ઉપર મોટી સંખ્યામાં મતદારો પોતાના મત આપવા એકઠા થવાનો સંભવ છે. જે સ્થળોએ મતદાન થનાર તે મતદાન મથકો ઉપર તથા તેની નજીકના વિસ્તારોમાં તા.૨૨/૦૬/૨૦૨૫ ના રોજ અડચણ થતી અટકાવવા તથા વ્યવસ્થા જાળવવા પગલાં લેવા જરૂરી છે.

વાસ્તે, હું તુષાર ભટ્ટ(IAS), જિલ્લા મેજીસ્ટ્રેટ, પાટણ ગુજરાત પોલીસ અધિનિયમ, ૧૯૫૧ ની કલમ - ૩૬(ગ) અને (ઘ) થી મને મળેલ સતાની રૂએ ફરમાવું છું કે, સદરહું ચૂંટણીમાં મતાધિકાર વાપરનાર તમામ મતદારોએ

1. જે મતદાન મથકો ઉપર મત આપવા જવાનું છે તે મતદાન મથકોના અધિકૃત પ્રવેશ સ્થાન પાસે એક લાઈનમાં ઉભા રહેવું અને જો સ્ત્રીઓ માટે જુદી લાઈન હોય તો તેમાં તેણીએ ઉભા રહેવું.

2. મતદારે મતદાન મથકમાં લાઈનમુજબ પોતાના વારા પ્રમાણે એક પછી એક દાખલ થવું.

3. મતદારે પોતાનો મત આપ્યા પછી મતદાન મથક તથા તેના વિસ્તારમાંથી તુરત જ ચાલ્યા જવું.

આ હુકમ તા.૨૨/૦૬/૨૦૨૧ ના દિવસ માટે અમલમાં રહેશે.

આ હુકમનો ભંગ અગર ઉલ્લંઘન કરનાર શખ્સ સામે ગુજરાત પોલીસ અધિનિયમ - ૧૯૫૧ ની કલમ-૧૩૪ મુજબ સજા તથા દંડને પાત્ર થશે. તેમજ સદરહું જાહેરનામાના ભંગ બદલ પોલીસ ફરિયાદ દાખલ કરવાની કાર્યવાહી ફરજ પરના એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટશ્રી તેમજ સંબંધિત પોલીસ અધિકારીશ્રીએ કરવાની રહેશે.

આજ રોજ તા.૦૨/૦૬/૨૦૨૫ ના રોજ મારી સહી તથા કોર્ટનો સીકકો કરી આપ્યો.

તુષાર ભટ્ટ,
જિલ્લા મેજીસ્ટ્રેટ,
પાટણ

Signature Not Verified
Signed by:MAHENDRA DHARKAR
Date: 2025.06.26 13:30:13 +05:30
Reason: Validate Document
Location: Government Press & Stationery, Vadodara